# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૭ તા.૧૨-૦૩-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો.૩ થી ૮ની એકમ કસોટી કાર્યક્રમ અંગે

સંદર્ભ :- ૧. પત્રક્રમાંકઃ એસએસએ/ક્યુઈસેલ/૨૦૧૯/૧૦૦૨૬-૧૦૦૬૬ તા.૮-૩-૧૯નો પત્ર
૨. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ પરિપત્ર નં.૯૭-A તા.૧૭-૧૨-૧૮

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, હાલમાં ધો.૩ થી ૮ના દરેક વિષયની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી, તે વિષયના ઉપચારાત્મક કાર્ય તેમજ CCE ના ભાગરૂપે પીરીઓડીકલ એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી) લેવામાં આવી રહી છે તેનો આગામી કાર્યક્રમ આ સાથેના બિડાણ મુજબ રહેશે. આ અંગે સંદર્ભિત પરિપત્ર અનુસાર કામગીરી કરવાની રહેશે.

તા.૧૨-૦૩-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સર્વ શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સ: ૦૭૯-૨૩૨૩૮૪૦૧
email : - aspdssaguj@gmail.com
Toll Free No. 1800-233-7965

પત્રક્રમાંક:એસએસએ/ક્યુઈસેલ/૨૦૧૯/ ૧૦૧૨૬-૧૦૧૬૬ તા.૮/૦૩/૨૦૧૯

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
શાસનાધિકારીશ્રી અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત.

વિષય: એકમ કસોટી કાર્યક્રમ અંગે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ધોરણ ૩ થી ૮ ના દરેક વિષયની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી, તે વિષયના ઉપચારાત્મક કાર્ય તેમજ CCE ના ભાગરૂપે પીરીઓડીકલ એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી) લેવાઈ રહી છે.

ગત બીજા શૈક્ષણિક સત્ર દરમ્યાન ૨૨ મી ડીસેમ્બરથી આજ પર્યન્ત ધોરણ ૩ થી ૮ માં વિવિધ વિષયોની એકમ કસોટી લેવામાં આવી રહી છે. એકમ કસોટીના સમય પત્રક મુજબ ધોરણ ૩ અને ૪ ના વિદ્યાર્થીઓને કેટલાક શનિવાર ખાલી રહેતા હોય છે. રાજ્ય કક્ષાએથી થયેલ મોનીટરીંગ દરમ્યાન ધોરણ – ૩, ૪ અને ૫ ના શિક્ષકોના અભિપ્રાય અને મોનીટરીંગ અહેવાલ અન્વયે ખાલી શનિવાર સામે એકમ કસોટી લેવા આયોજન કરવા સૂચનો મળ્યા હતા, જે મળેલ સૂચનો અને અભિપ્રાયોના પુખ્ત વિચારણાના અંતે આ વિદ્યાર્થીઓને પણ પ્રત્યેક શનિવારે એકમ કસોટી લઇ શકાય તે માટે નીચે મુજબ સમય પત્રક અનુસાર તેમના ખાલી શનિવાર સામે જે તે દર્શાવેલ વિષયની કસોટી લેવાની રહેશે. આ માટે જો એકમ કસોટી નોટબુકમાં જગ્યા હોય તો તેમાં અથવા અન્ય કાગળમાં કે નોટબુકમાં જવાબ લખાવવાના રહેશે. આ અલગથી લેવાનાર કસોટી માટે બાકીની સૂચનાઓ અગાઉ મુજબની યથાવત રહેશે.

## એકમ કસોટી સમય પત્રક

| માસ | તારીખ | વાર | ધોરણ અને વિષય | | |
|---|---|---|---|---|---|
| | | | ૩ | ૪-૫ | ૬ થી ૮ |
| માર્ચ ૨૦૧૯ | ૧૬/૦૩/૨૦૧૯ | શનિવાર | ગુજરાતી | હિન્દી | હિન્દી |
| | ૨૩/૦૩/૨૦૧૯ | શનિવાર | ગણિત | ગણિત | સામાજિક વિજ્ઞાન |
| | ૩૦/૦૩/૨૦૧૯ | શનિવાર | પર્યાવરણ | ગુજરાતી | સંસ્કૃત |

નોંધ:- આ એકમ કસોટીનો અભ્યાસક્રમ જે તારીખે એકમ કસોટી છે તેમના આગલા અઠવાડીયા સુધીનો રહેશે.

(જયશ્રી દેવાંગન)
એ.એસ.પી.ડી.
એસ.પી.ઓ. એસ.એસ.એ.

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ સારૂ અને નવા ઉમેરાયેલા વિષયના પેપર અન્ય કસોટીની જેમ સમયસર અત્રે મોકલવા સારૂં.:-</u>

- માન. નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.
- નકલ સવિનય રવાના :-
- પી.એ.ટુ માન.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી.